જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૦૭/૧૦/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૧૯૫૩/૧૮

**ગુમ થયેલ બાળકને શોધી કાઢી તેના વાલીવારસને સોંપતી બાપુનગર પોલીસ.**

બાપુનગર પો.સ્ટે. ખાતે દાખલ થયેલ બાપુનગર પો.સ્ટે. ફસ્ટ ગુરનં. ૧૮૯/૨૦૧૮ ઇપીકો કલમ ૩૬૩ મુજબના ગુનાના કામે ફરિયાદીબેન શ્રીમતી આશાબેન વા/ઓ મહેશભાઇ બળવંતભાઇ જાતે ઠાકોર નાઓની ફરિયાદના કામે હકિકત એવી છે કે, ફરિ.નો દિકરો નામે વિશાલ ઉવ.૧૨ નો ગઇ તા.૩.૧૦.૨૦૧૮ ના રોજ તેમના ઘરેથી કોઇ અજાણ્યો ઇસમ તેમના કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી લઇ ગયેલ.જે ગુનાની તપાસ દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી તથા બાપુનગર પોલીસ સ્ટાફના માણસોએ તથા બાપુનગરના F.F.W.C. (મહિલા અને બાળમિત્ર) ના સભ્યો મારફતે સદરી બાળક વિશાલની ખંત પુર્વક તપાસ કરી કરાવતાં. સદરી બાળક સુરેન્દ્રનગર ખાતે ચિલ્ડ્રન હોમ ફોર બોયસ ખાતે હોવાનું જાણવા મળતાં. તે અંગેની ખાતરી કરી સદરી બાળકનો કબ્જો સુરેન્દ્રનગર ચિલ્ડ્રન હોમ ખાતેથી મેળવી અત્રે બાપુનગર પો.સ્ટે.ખાતે લાવી બાળક વિશાળનો કબ્જો તેની માતા આશાબેન વા/ઓ મહેશભાઇ ઠાકોર નાઓને સોંપવામાં આવેલ છે.તા.૦૭.૧૦.૨૦૧૮



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.